# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref no. PN 2025-26/405 Dt. 16/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળની મધુરમ ડેરી એન્ડ સ્વીટ દ્વારા સંચાલિત મીઠીબા સ્વીટ્સના મેન્યુફેકચરિંગ પ્લાન્ટની ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉદ્યોગ જગતના સભ્યોને વિવિધ ઉદ્યોગોની કામગીરી અંગે નજીકથી માહિતગાર કરવા તેમજ પ્રેક્ટિકલ જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુસર બુધવાર, તા. ૧૫ એપ્રિલ, ૨૦૨૬ના રોજ મધુરમ ડેરી એન્ડ સ્વીટ દ્વારા સંચાલિત મીઠીબા સ્વીટ્સના મેન્યુફેકચરિંગ પ્લાન્ટની ઇન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિઝિટ દરમિયાન ચેમ્બરના પ્રતિનિધિ મંડળે મીઠીબા સ્વીટ્સના આધુનિક ઉત્પાદન પ્રોસેસ, ગુણવત્તા નિયંત્રણ વ્યવસ્થા અને સ્વચ્છતા ધોરણો અંગે વિસ્તૃત માહિતી મેળવી હતી. પ્લાન્ટમાં મીઠાઇઓ બનાવવા માટે અપનાવવામાં આવતું ઓટોમેશન, હાઇજિનિક પ્રોસેસ અને કવોલિટી ચેકના વિવિધ તબક્કાઓને સ્થળ પર જ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

મધુરમ ડેરી એન્ડ સ્વીટના પ્રતિનિધિઓ દ્વારા ઉપસ્થિત સભ્યોને મીઠાઇ બનાવવાની સમગ્ર પ્રક્રિયાની શરૂઆતથી અંત સુધીની માહિતી આપવામાં આવી હતી, જેમાં કાચામાલની પસંદગી, પ્રોસેસિંગ, પેકેજિંગ અને વિતરણ વ્યવસ્થા અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી. ગુણવત્તા અને સ્વાદ બંનેમાં ઉત્તમતા જાળવવા માટે આધુનિક ટેકનોલોજી અને કડક ગુણવત્તા નિયંત્રણ પદ્ધતિઓનો અમલ કરવામાં આવે છે.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે આ મુલાકાતને ખૂબ જ ઉપયોગી ગણાવી હતી. ચેમ્બરે મધુરમ ડેરી એન્ડ સ્વીટ તથા મીઠીબા સ્વીટ્સના મેનેજમેન્ટનો આભાર વ્યક્ત કર્યો હતો, જેમણે આ વિઝિટનું સફળ આયોજન કરી ઉદ્યોગ જગતના સભ્યોને મૂલ્યવાન માહિતી પ્રદાન કરી હતી.